# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૬૦ • તા. ૩ મે થી ૯ મે ૨૦૨૫





**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.





# હીરેનભાઈની માનવ સેવાથી પ્રભાવિત થઈ તેમને કેનેડામાં મેયર વોલેન્ટિયર સર્વિસ એવોર્ડથી સન્માનિત કરાયા


Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# દ્રષ્ટિ, ખામી અને ખૂબીઓ જોવાની

દરેક વ્યક્તિના બે પાસા હોય છે. ખરાબ અને સારા જે રીતે એક સિક્કાની બે બાજુ હોય છે. તેવી જ રીતે આ બન્ને પાસાને નજર અંદાજ ન કરવા જોઈએ. એ દરેક પાસાની નોંધ લઈ તેની ખાસિયત પ્રમાણે તેની સાથે વ્યવહાર કે વર્તણુક કરવી જોઈએ. ખરાબ પાસુ હોય એ બધી જ રીતે ખરાબ હોય એવું જરૂરી નથી. બીજી દ્રષ્ટિથી જોઈએ તો એમાં કંઈક સારું પાસું લાધવાનું જ. દરેક વ્યક્તિના સ્વભાવમાં ખામીઓની સાથે ખૂબીઓ હોવાની જ. પણ ખામીઓથી ખૂબીઓ ઢંકાઈ ગઈ હોય કે ખૂબીઓ નીચે ખામીઓ ઢબૂરાયેલી હોય તો તેને જાણવી જોઈએ. તેને ખણખોદ કરી બહાર કાઢવી જોઈએ.

ઘણા લોકોની ખાસિયત હોય છે કે સામેવાળાની ખામીઓ જ શોધવાની કે તેની ખામીઓને મોટી બનાવી તેને અન્ય સમક્ષ પ્રગટ કરવી કે તેની વાતોને અન્ય લોકો સમક્ષ જોર શોરથી મૂકવી. આ લોકોના દોષ જોવાનો તેને હાઈલાઈટ કરવાનો આપણો નકારાત્મક તરીકો છે. તો અમુક લોકો સામેવાળાની માત્ર સારી બાબત જોશે. લોકોની માત્ર સારી બાબતો જોવી, તેને ઉજાગર કરવી, અન્યો સમક્ષ મૂકવી એ હકારાત્મક અભિગમ છે જે સારી વાત છે. આ લોકો સૌને પ્રિય હોય છે. માત્ર ખરાબ આદત જોનારા લોકો આપણી ખૂબીઓ નહીં જુએ. શું આવડે છે એના કરતાં શું. નથી આવડતું, ક્યાં ખામી છે, દોષ હક્કીત છે. તેની વિષે ખણખોદ કરવી કોઈકનો સ્વભાવ હોય છે અથવા કાયમનું કાળું ચરિત્ર હોય છે. જે બદલી શકવાનો નથી. પણ આપણે એને નજર અંદાજ કરવું જોઈએ. તો જ આપણે પ્રગતિ જાળવી શકીશું. અન્યના બદ ઈરાદા કુટેવ પ્રત્યે ધ્યાન ન આપીએ એમાં જ આપણી ભલાઈ છે.

આપણા સમાજમાં ઘણા લોકો એવા હોય છે. જેમને કાંઈ ફરક ન પડે પણ અમુક નબળા મનના, અવઢવ પ્રકૃતિ ધરાવતા જલદી બીજાની વાતો પર, તેમના દ્વારા રજૂ થતાં બેફામ બણગાં ન ગણકારીએ એમાં જ આપણી કાયમની ભલાઈ છે. સારા વ્યક્તિત્વ ધરાવતા લોકો સામેવાળામાં શું ખૂબીઓ છે, તેનામાં શું આવડત છે, પ્રતિભા ધરાવે છે તેને પ્રોત્સાહિત કરે છે. સારા કામની પ્રશંસા અને ખરાબ કામની અવગણના કરનાર વ્યક્તિ સાધારણ નથી. કારણ કે જે સારું કરે છે તેના વખાણ કરવા સહેલા નથી. હર વખતે લોકોની ખામીઓ ગણી ગણીને શોધી કાઢવાથી સામેવાળાની ખામીઓ ઢંકાઈ જશે. પણ, ખામીઓ શોધનારની બદ આદતો, તેના ખરાબ ઈરાદા જરૂર ખૂલ્લા પડી જશે. જે સારું છે તેની પ્રશંસા કરવાથી તે વ્યક્તિનો ઉત્સાહ વધશે, કાર્યશૈલીમાં ઉછાળો આવશે. એ જરૂરી નથી કે દરેક વ્યક્તિની ખામીઓ શોધવી તેની અધૂરપ જ ખોજવી એ વ્યક્તિમાં કંઈ આવડત નથી તે જોવા કરતાં તેની ખૂબીઓ, ખાસિયતો પ્રત્યે જોઈશું તો સંબંધ પણ સુધરશે અને સ્નેહનો સેતુ પણ નિર્માણ થશે.

– જય જ્ઞાતિમૈયા

# આપણી ગૌરવશાળી ગુજરાતી માતૃભાષા

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

થોડાક વર્ષો અગાઉ લોકો ગૌરવથી કહેતા હતા કે ગુજરાતી મારી માતૃભાષા છે. પણ, આજે દિન બ દિન સમયના વાયરા પલટાયાની અસર નજરે પડે છે. શિક્ષણનો વ્યાપ વધતો રહ્યો છે. માવતરો પોતાના સંતાનોને માતૃભાષા ગુજરાતીને છોડીને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં એડમિશન આપવા મથે છે. જે ભાષામાં આપણે મોકળા મને હસી શકીએ, રડી શકીએ તથા જે ભાષામાં આપણે સ્વપ્નો જોઈ શકીએ, સ્વપ્નો સજાવી શકીએ તે ભાષા એટલે આપણી માતૃભાષા. જે આપણે સહજતાથી સમજી શકીએ, સબળતાથી ઊંડાણપૂર્વક મનન ચિંતન કરી શકીએ તે ભાષા એટલે માતૃભાષા. જે ભાષા માતા ગળથૂથીમાં સંતાનને પાયે છે એ માતૃભાષા છે. ગુજરાતી ભાષા આપણા રાજ્યનો શ્વાસ છે. ગુજરાત રાજ્યની નરવી અને ગરવી ગુજરાતી ભાષાએ માત્ર પ્રાદેશિક ભાષા નથી પણ વિશ્વના વાયુ મંડળને વશ કરતી વૈશ્વિક ભાષા છે.

સંતજનોના સૂરથી અને દેવતાઓના નૂરથી અલંકૃત ભાષાને વિશેષણ વામણાં લાગે અને શબ્દોના શણગાર સીમિત લાગે એવી સમૃધ્ધ ભાષા ગુજરાતી છે. આવી સુમધૂર ભાષા હોવા છતાં આપણા લોકોને અંગ્રેજી ભાષાનો મોહ લાગ્યો છે. અંગ્રેજી ઓછી આવડે તેનો અફસોસ ન હોવો જોઈએ પણ ગુજરાતી સારું અને સાચું આવડે એનો ગર્વ હોવું જોઈએ. જતાં ને આવજો કહીએ, ખારા સ્વાદ આપતાને મીઠું કહીએ, ભૂલો કરનારને ભલા માણસ કહીને નારાજી છતાં તારી ભલી થાય એમ વધીએ, છુટા પડતા ફરી મળીએ કહીએ, વાત વાતમાં ડબકું મારનારને બહુ ડાહ્યો તરીકે નવાજીએ ને મોટી ડંફાસ મારનારને ખરો છે બાકી તું કહી તેને વધાવીએ. આ પણ ભાષામાં મા ની મમતાની મીઠપ છે.

વિશ્વ કવિ રવિન્દ્રનાથ ટાગોરએ માતૃભાષાનું મહિમા આ શબ્દોથી કર્યું હતું. તેમણે કહ્યુ કે 'માતૃભાષા તો માતાનું ધાવણ છે. ને બાળકને મા નું દૂધ વિકસાવે છે અને મજબૂત બનાવે છે.' વ્યક્તિ પોતાના અંતરની અભિવ્યક્તિ ગુજરાતી ભાષામાં જ સારી રીતે કરી શકે છે. સંવાદ, વાતચીત, વર્ણન, વકતૃત્વ, અભિનય વગેરે પ્રવૃત્તિ માતૃભાષામાં જ ઉત્તમ અભિવ્યક્તિ કરી શકાય છે. માના ગર્ભમાંથી જ બાળક માતૃભાષા સાંભળતું આવે છે. એટલે બાળક માટે માતૃભાષા એ હૃદયની અને મનની ભાષા છે.

સરસ અને લાધવ પૂર્ણ ભાષા આપણી ગુજરાતી હોવા છતાં આજે લોકોને અંગ્રેજીનો મોહ લાગ્યો છે. વાલીઓ પોતાની આર્થિક સ્થિતિ ન હોવા છતાં પેટે પાટા બાંધી બીજાઓની દેખાદેખી કરી અંગ્રેજી માધ્યમવાળી શાળામાં દાખલ કરે છે. વાલીઓ પોતાની આર્થિક સ્થિતિ ન હોવા છતાં પેટે પાટા બાંધીને આંધળકીયું પગલું માંડે છે. બાળકો સ્કૂલમાં અંગ્રેજી ભાષાના વાતાવરણમાં અને ઘરમાં અને બહાર ઈતર ભાષા સાંભળતા હોવાથી મૂંઝાયા કરે છે. અભ્યાસમાં એવું જણાયું છે કે મૂળથી માતૃભાષામાં શિક્ષણ લીધેલ સંતાનો ઉચ્ચ કક્ષાએ પહોંચી શક્યા છે.

છેલ્લે ભાષાના વિદ્વાન કવિઓના વિચારો મહાકવિ નર્મદ એ ગર્વ કરતાં લખ્યું છે કે 'એ વિચારે ફૂલે ગજગજ છાતી, હું અને મારી ભાષા બન્ને ગુજરાતી'. કવિ દલપત રામ એ કહ્યુ છે, 'રૂડી ગુજરાતી વાણી રાણીનો હું વકીલ છું.' રમેશ આચાર્ય કહે છે કે 'હું છું અને મારી ભાષા છે, કૈંક થશે એવી આશા છે.' તો શાયર ખલીલ ધનતેજવી ના કલામ છે 'વાત મારી જેને સમજાતી નથી એ ગમે તે હોય પણ ગુજરાતી નથી.'


### જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિજનોને આવ્હાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# હીરેનભાઈની માનવ સેવાથી પ્રભાવિત થઈ વિનિપેગના મેયર દ્વારા વોલેન્ટિયર સર્વિસ એવોર્ડથી સન્માનિત કરાયા




મૂળ ભારતીય અને કેનેડાના જાણીતા બિઝનેસમેન હેમંતભાઈ શાહના દીકરા હીરેન શાહને હાલમાં જ વિનિપેગના મેયર સ્કોટ ગિલેનહામ તરફથી મેયર વોલેન્ટિયર સર્વિસ એવોર્ડથી પહેલી મે, ૨૦૨૫ના રોજ સન્માનિત કરવામાં આવ્યા હતા.

હીરેનભાઈ મૂળ મુલુંડના રહેવાસી છે તેમની માતા-પિતા હિનાબેન હેમંત માણેકજી લોડાયા, નાના-નાની જયાબેન શાંતિલાલ ખોના ગામ તેરા, દાદી-દાદા હિરબાઈ માણેકજી (બાબુશેઠ) લોડાયા વરાડીયા નિવાસી છે જેમનો સેવાભાવનો વારસો હીરેનભાઈએ આગળ ધપાવ્યો છે.

હીરેનભાઈ શાહ વિનિપેગની બાળકોની હોસ્પિટલ તથા હેલ્થ સાયન્સ સેન્ટર હોસ્પિટલ તથા કિનેસમેન જેવી સંસ્થામાં વોલેન્ટિયર સર્વિસ આપી રહ્યા છે. ૪૨ વર્ષીય હીરેન શાહ કેનેડાના મેનિટોબાના વિનિપેગમાં વિવિધ સંસ્થા માટે વોલેન્ટિયર સર્વિસ કરવા બદલ ૧૮૦ નોમિનેશનમાંથી હીરેન શાહની અવોર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી.



ડ્રગ્સ પીડિતો માટે સંસ્થા શરૂ કરી હિરનેભાઈએ વિનિપેગમાં જે બાળકો ડ્રગ્સ પીડિત છે તેમના માટે તબ્બુ નામની સંસ્થા પણ શરૂ કરી અને યુવાનોને ડ્રગ્સમાંથી છૂટકારો મળે તે માટે સતત પ્રયત્નશીલ છે.

હીરેન શાહે વાતચીતમાં જણાવ્યું, 'ઓપરેશન એક્સેલન્સ દ્વારા એમને ડ્રગ્સમાંથી છૂટકારો મળે અને તેઓ નવું જીવન જીવી શકે તે માટે સતત પ્રયત્નશીલ છે. હીરેનભાઈએ નાની ઉંમરમાં એક ગુજરાતી તરીકે ગુજરાતનું નામ રોશન કર્યું છે.'

હીરેન શાહે વાતચીતમાં જણાવ્યું, 'ઓપરેશન એક્સેલન્સ અંગે અમને જે વાત સૌથી વધુ સ્પર્શી એ છે કે અમે HSCના દર્દીઓ તેમજ તેમના પરિવારો, સર્જન, નર્સ માટે હેલ્થ કેર સિસ્ટમને સરળ બનાવી શક્યા. વિનિપેગ કિન્સમેન આ મહત્ત્વપૂર્ણ ઝુંબેશને ટેકો આપવા બદલ ગર્વ અનુભવે છે.' હીરેન શાહ સેન્ટ બોનીફેસ હોસ્પિટલ સાથે અલગ જ કનેક્શન ધરાવે છે. તેમનો પરિવાર, સર્જન, નર્સ માટે હેલ્થ કેર સિસ્ટમને સરળ બનાવી શક્યા. વિનિપેગ કિન્સમેન આ મહત્ત્વપૂર્ણ ઝુંબેશને ટેકો આપવા બદલ ગર્વ અનુભવે છે.' હીરેન શાહ સેન્ટ બોનીફેસ હોસ્પિટલ સાથે અલગ જ કનેક્શન ધરાવે છે. તેમનો જન્મ આ જ હોસ્પિટલમાં થયો હતો. જ્યારે તેમના પિતા હેમંત શાહને હાર્ટ અટેક આવ્યો અને આ હોસ્પિટલમાં જે રીતે સારવાર કરવામાં આવી તેનાથી તેમને હોસ્પિટલની કામગીરીનો અનુભવ થયો અને તેઓ આ હોસ્પિટલ સાથે જોડાયા.

# વિનિપેગ કેનેડાની હોસ્પિટલમાં બે દશાઈ જ્ઞાતિજનનો એ ઐતિહાસિક કામગીરી કરી જ્ઞાતિનું નામ રોશન કર્યું





કેનેડાના વિનિપેગ શહેરમાં ૧૫૦ વર્ષ જૂની સેન્ટ બોના ફાયસ હોસ્પિટલના સંચાલન બોર્ડમાં મૂળ વરાડિયાના હેમંત માણેકજી શાહ-લોડાયા ગુંદરવાળા ડાયરેક્ટર છે. હોસ્પિટલના ઈતિહાસમાં પ્રથમવાર કોઈ કચ્છી માડુને બોર્ડ ઓફ ડાયરેક્ટર્સમાં સ્થાન મળ્યું છે. આ હોસ્પિટલમાં બીજા એક કચ્છી દશાઈ માડુ હાર્ટ સ્પેશિયાલિસ્ટ ડૉ. આશિષ હિરજી ખેતશી શાહ મોમાયા, સાંયરાના વતની છે તેઓ સેવા આપી રહ્યાં છે. આમ બંન્ને કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિજનો વિનિપેગની હોસ્પિટલમાં પોતાના ક્ષેત્રમાં ઉચ્ચતમ સેવા આપી નામ અર્જિત કરે છે.

કેનડામાં પાંચ દાયકાથી વસવાટ કરતા ઉદ્યોગપતિ હેમંત શાહ-લોડાયા વિવિધ સંગઠનો સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. ઈન્ડિયન કેનેડા વચ્ચે વ્યાપાર વધે એ માટે પ્રયત્નશીલ રહે છે અને પોતાનું યોગદાન આપે છે. ત્રણ વર્ષ અગાઉ આ હોસ્પિટલમાં એક મહારાષ્ટ્રીયન સર્જને હેમંત શાહના હાર્ટનું ઓપરેશન કર્યું હતું. આ સર્જને ચેલેન્જ સ્વીકારીને ઉત્તમ પ્રકારે સારવાર આપી હતી. તેઓ ૩૦ દિવસ સુધી હોસ્પિટલમાં રહ્યાં હતાં અહીં તેમને નવું જીવન મળ્યું એટલે આ હોસ્પિટલ તેમના હૃદયની નજીક છે અને હોસ્પિટલ પ્રત્યે તેમને લાગણી છે એવું લાગણી ભાવ સાથે હેમંતભાઈ જણાવ્યું.

આ જ હોસ્પિટલમાં પોતાની નિમણૂંક બોર્ડ ઓફ ડાયરેક્ટરમાં કરાઈ એવી વિષે તેમને ખુશ થઈ હતી અને આ ઓફર તેમણે સ્વીકારી લીધી. ડાયરેક્ટ બન્યા પછી દરદી, ડોક્ટર અને હેલ્થકેર ટીમ વચ્ચે આત્મીયતા વધે. હોસ્પિટલમાં નવા આધુનિક સાધનો અને ટેકનોલોજીની જરૂરત છે તેને ધ્યાનમાં લઈ વધુને વધુ ડોનેશન મળે એ માટે સતત પ્રયત્નશીલ છે.

હોસ્પિટલ માટે ભવિષ્યના પ્લાનિંગ બાબતે હેમંત શાહના ખ્યાલ છે કે ગુજરાતના ઘણા નિષ્ણાંત ડોક્ટરો જો વિનિપેગની આ હોસ્પિટલ સાથે ટાઈઅપ કરી સહયોગ સાધે જેથી આધુનિક ટેકનોલોજી અને રિસર્ચ કેનડામાં છે તેમજ ભારતમાં છે તેનું અરસ પરસ પ્રદાન કરે તો મારી માતૃભૂમિ ભારત અને કર્મભૂમિ કેનેડાને લાભ થાય એ બાબત પર પોતે કેન્દ્રિત કરશે એવું જણાવ્યું હતું.

કેનડામાં આરોગ્ય સેવા કેનેડા સરકાર હસ્તક છે. ટેક્સ ભરનારા નાગરિકોને આ સેવા મફત મળે છે. ડોક્ટરને કે હોસ્પિટલમાં પૈસા ભરવા પડતા નથી. દવાનો ખર્ચ ઇન્સ્યુરન્સમાંથી ચૂકવાય છે. કેનેડાના અમૂક રાજ્યોમાં એવી જોગવાઈ છે કે ૨૫ વર્ષથી નીચેની વયનાઓ ૬૫ વર્ષથી વધુ વયના નાગરિકોને રૂા.પાંચ હજારથી વધુ કિંમતની દવાના પૈસા ચૂકવવા પડતા નથી.

વિનિપેગની સેન્ટ બોનાફાયસ હોસ્પિટલ સાથે સંકળાયેલા ડૉ.આશિષ હિરજી ખેતશી શાહ મોમાયા ભારતીય મૂળના ચિકિત્સક છે. તેઓ ગુજરાત યુનિવર્સિટીમાંથી એમ.બી.બી.એસ. અને એમ.ડી.ની ડિગ્રી મેળવી એ બાદ તબીબી ક્ષેત્રે પોતાની કારકિર્દીનો આરંભ કર્યો હતો. યુ.કે.માં એમ.આર.સી.પી હાંસલ કરી સામાન્ય અને ઈન્ટરવેન્શલ કાર્ડિયોલોજીની તાલીમ લીધી આ દરમ્યાન લંડનની કિંગ્સ કોલેજમાં ડોક્ટરેટની ઉપાધિ મેળવી. યુ.કે.ની તાલીમ પૂર્ણ કર્યા બાદ તેઓ ટોરેન્ટોની જનરલ હોસ્પિટલમાં અદ્યતન ફેલોશીપની તાલીમ લીધી.

હાલમાં ડૉ.આશિષ શાહ-મોમાયા કેનડાની યુનિવર્સિટી ઓફ મેનિટોબામાં ક્લિનિશિયન સાયન્સ્ટીસ્ટ તરીકે તથા વિનિપેગમાં સેન્ટ બોના ફાયસ હોસ્પિટલમાં હૃદયરોગ નિષ્ણાત તરીકે સેવારત છે. તેમનું સંશોધન જન્મજાત અને માળખાકીય હૃદયના રોગો ધરાવતા દરદીઓમાં હેમોડાયનેમિક્સ અને બાયો માર્કર લાક્ષણિકતા પર કેન્દ્રિત છે.

વિદેશની ધરતી પર ક.દ.ઓ.જ્ઞાતિના આ હીરલા રત્ન સપૂતો પોતપોતાના ક્ષેત્રમાં અવલ પ્રદાન આપી પોતાનું, પરિવારનું અને સાથો સાથ જ્ઞાતિનું અને દેશનું નામ રોશન કરે છે. જે ગર્વ કરાવે છે.

# સંજીવની કેસ નં.૧૮૪ તથા ૧૮૫ જરૂરી રકમ રૂા.૫.૫૦ લાખ ગણત્રીના સમય દરમ્યાન જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું




સાંધાણ-રાયપુરની માત્ર સાત મહિનાની નાની ઢીંગલી એવી રિધ્ધિ જૈન લોડાયા ૩૦ અઠવાડિયામાં અકાળે જન્મી હતી. તેણી VSD વેન્ટ્રિક્યુલર સેપ્ટલ ડિફેક્ટ સાથે જન્મજાત હૃદય રોગથી પીડિત છે. જેને લીધે તેના વિકાસમાં રૂકાવટ રહે છે. ટાકીકાર્ડિયા અને ખોરાક લેવામાં તકલીફ થાય છે. જેને કારણે તાત્કાલિક ઈલાજ થવું જરૂરી છે. રિધ્ધિને થાણેની જ્યુપીટર હોસ્પિટલમાં દાખલ કરાઈ છે અને તેના પછીના દિવસે ઓપરેશન કરવાનું ડોક્ટરોએ નક્કી કર્યું.

રિધ્ધિના પપ્પા જેઓ ઝવેરી સાથે કામ કરે છે અને મર્યાદિત પગાર મેળવતા પરિવારના એક માત્ર સભ્ય છે. પરિવારની આવકનો અન્ય કોઈ બીજો સ્ત્રોત નથી અને પરિવારને કોઈ વીમાનો સપોર્ટ નથી. પરિવારે પોતાની પરી જેવી નાનકી પુત્રી ઓપરેશન પૂર્વેની તપાસણી માટે ચૂકવણી કરી દીધી હતી. હોસ્પિટલે આ કેસ માટે રૂા.૨૫ હજાર ડિસ્કાઉન્ટ આપીને નાનકડી બાળા પ્રત્યે પોતાનો પ્રેમ દર્શાવ્યો. અંદાજિત ખર્ચ રૂા.૩.૩૦ માટે પરિવારએ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિને અરજી કરી જેનો પ્રતિસાદ આપી કેસ નં.૧૮૪ તરીકે નોંધી ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું. જે ગણત્રીના સમય દરમ્યાન જ છલોછલ થઈ ગયું હતું.

# સંજીવની કેસ નં.૧૮૪ તથા ૧૮૫ જરૂરી રકમ રૂા.૫.૫૦ લાખ ગણત્રીના સમય દરમ્યાન જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું




અન્ય સંજીવની કેસ નં.૧૮૫ મુજબ ૨૭ વર્ષીય વારાપધ્ધર-નવી મુંબઈ કોપરખૈરણેના સાગર હીરાચંદ ગોસર શ્વાસ લેવાની ભારે તકલીફ અને કમરના ઉપરના ભાગમાં તીવ્ર દુ:ખાવાથી પીડિત હોવાને લીધે તાત્કાલિક આઈસીયુમાં દાખલ કરવા પડ્યા હતા. ડોક્ટરો દ્વારા પરીક્ષણ કર્યા બાદ તેમને ડાબી બાજુ પ્લ્યુરલ ઈફ્યુઝન સાથે પલ્મોનરી કોચ એટલે ટીબી હોવાનું નિદાન કર્યું હતું. હાલે તેઓ પ્રવાહીના નિકાલ માટે છાતીમાં પિગટેલ કેથેટર સાથે ઓક્સિજન સપોર્ટ પર છે.

યુવાન સાગર ગોસર વાશીની એપીએમસી માર્કેટમાં આર.જે.એન્ટરપ્રાઈઝમાં કામ કરી લઘુતમ વેતન મેળવે છે. પિતાને ૩ માસ અગાઉ કચ્છમાં કૂતરાએ કરડયો હોવા પછી તેઓને આરામ કરવાની સલાહ અપાઈ હોવાથી કામ રહિત છે. પરિવારનો વીમો નથી. ઈલાજ માટે ડોક્ટરો તરફથી અંદાજિત ખર્ચ રૂા.૨૦ લાખ અપાયું છે. જે રકમ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે અરજી આવી. જે માટે ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું. આ કેસનો ઉકેલ પણ જૂજ સમય દરમ્યાન થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું. લગાતાર દિવસમાં કેસ નં.૧૮૪ તથા ૧૮૫ માટે જરૂરી ભંડોળ કુલ રૂા.૫.૫૦ લાખ જેટલી નિધિ રકમ ઉદારપણે જ્ઞાતિના વ્યક્તિગત દાતાઓ, મહાજનો, એકમો, સંસ્થા, ટ્રસ્ટો અને મંડળોએ આપી નવજાત બાળકી રિધ્ધિ જૈન અને તરવરીયા યુવા સાગર ગોસરના કપરા સમયમાં ભરપૂર સાથ અને હુંફાળો ભાવ આપ્યો છે. જે આજ સુધીના દરેક કેસ પ્રમાણે અજોડ અને બેજોડ છે. સૌના અન્યન સહયોગથી આજ સુધીના ૧૮૫ સંજીવની કેસનો નિવડો સમયસર અને સર્વોત્તમ પણે થયો છે. આ માટે સૌની અનુમોદના કરી શત શત વંદના કરીએ છીએ.

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ સચ્ચાઈ માતાજી પરિવાર તરફથી દશાઈ જ્ઞાતિના ૪૨/૫૨ ગામોના વથાણમાં, પાંજરાપોળમાં નીલી જુવારનું નીરણ કરાયું

કોઠારા, પરજાઉ, સુથરી, જખૌ, નલિયા અને તેરા પાંજરાપોળમાં, આરીખાણા, વરાડીયા, સાંયરા, સાંધાણ, મંજલ રેલડીયા, વાંકુ, વારાપધ્ધર, રાપરગઢવાળી, લાલા, મોટી સિંધોડી, જસાપર, બાયઠ, ડુમરા, સુજાપુર, બાંઢિયા, સાંધવ, કુવાપધ્ધર ગામોના વથાણમાં અને હાલાર પ્રદેશના ભરૂડીયા તથા દલતુંગી ગામોમાં પણ શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ શ્રી સચ્ચાઈ માતાજી પરિવાર તરફથી નીલી જુવારનું નીરણ કરવામાં આવેલ.

સર્વે ગામોમાં ચારો પહોંચાડવામાં શ્રી શાંતિજિન ગ્રુપના કાર્યકર ભાઈઓ સાંધવ ગામના રાજેશ પટેલ, કુવાપધ્ધર, સુજાપુર, બાંઢિયામાં મહેશ મોમાયા સારી મહેનત કરીને પહોંચાડેલ. સર્વે ગામોનો સાથ સહકાર આ જીવદયા કાર્ય માટે મળેલ તે બદલ સમસ્ત શ્રી સચ્ચાઈ માતા પરિવાર સમિતિ તે સર્વેનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

# પ.પૂ.સાધ્વીશ્રી વિરલકિરણાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૨૦ વર્ષમાં પ્રવેશ કર્યો



વિક્રમ સંવત ૨૦૬૨ના વૈશાખ સુદ ત્રીજ તિથિ દિને સાંધણ નગરના માવિત્ર માતુશ્રી કલ્પનાબેન પ્રતાપભાઈ કુંવરજી ધરમશીના ધર્મ સંસ્કારી સુપુત્રી મુંબઈના માટુંગા ઉપનગરે પ.પૂ.મુનિરાજશ્રી દેવરત્નસાગરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી ગુરૂમૈયા પ.પૂ. સાધ્વીશ્રી અર્હતકિરણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી વિરલકિરણાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવન પથે વિચરણ શરૂ કર્યું.

ધર્મ, તપ, ત્યાગ, ભક્તિ, આરાધના કરતા કરાવતા પાંચ દસ પંદરથી આગળ ઓગણીસ વર્ષ પૂર્ણ કરી વિક્રમ સંવત ૨૦૮૧ના વૈશાખ સુદ ત્રીજ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવનના દ્વિતીય દાયકામાં એટલે કે વીસમા વર્ષમાં ભવ્યતાથી પ્રવેશ કર્યો છે. આ મંગલ અવસરે ગુરૂ ભક્તોની કામના ભાવના કે સાહેબજી રજત, સુવર્ણ, હીરક, અમૃત વર્ષ પૂર્ણ કરી આગળ શતકના સર્વોચ્ચ શિખરે બિરાજે. શત શત વંદના.


KDO

શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,
મેડિકલ સમિતિ



KDO SANJIVANI

કેડીઓ સંજીવની
માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે
સંપર્ક:

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

# તિરૂપુરમાં રક્તદાન શિબિર અને મેડિકલ કેમ્પ યોજાયો



તા.૧ મે ગુરૂવાર રોજે આંતરરાષ્ટ્રીય મજદૂર દિવસે દક્ષિણ ભારત પ્રાંતના તિરૂપુર નગરે મુયાર્ચી મક્કલ અમાઈપુ દ્વારા રક્તદાન શિબિર અને મેડિકલ કેમ્પનું આયોજન કરાયું હતું. આયોજક સંસ્થાના પ્રમુખ ચિંદમ્બરમ અને ઉપપ્રમુખ સતિષ હંસરાજ નાગડા પરજાઉ-તિરૂપુરએ બ્લડ ડોનરનું સન્માન કર્યું હતું. જ્યારે સંસ્થાના સમાજસેવા સમર્પિત રહેતા પ્રમુખ, ઉપપ્રમુખનું તિરૂપુર જીવનધિના ચેરમેન અને ઉદ્યોગપતિ અહિલ રથિનાસામીએ સન્માન કર્યું હતું.

# સાંધાણ તીર્થે શ્રી ગુણોદય ગુરૂભક્તિ અચલગચ્છ અભિષેક સમિતિ ગ્રુપ ૧૪ દ્વારા શાંતિધારા અભિષેક કરાયા





અબડાસા પ્રદેશના સાંધાણ નગરે શ્રી શાંતિનાથ દાદાને શાંતિધારા અભિષેક તથા પ્રતિમા શુધ્ધિકરણ શ્રી શાંતિધારા જિનાભિષેક પંચાન્હિકા પર્વોત્સવ પ્રસંગે શ્રી ગુણોદય ગુરૂભક્તિ અચલગચ્છ અભિષેક સમિતિ ૧૪ તરફથી કરાયા. ખૂબ ખૂબ અનુમોદના.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી સમસ્ત મહાજનની હાકલને પ્રતિસાદ આપતા દક્ષિણ ભારત એકમ દ્વારા જ્ઞાતિ ચિંતન શિબિર-૨નું બેંગલોરમાં ૧૮મેના આયોજન નિર્ધારીત થયું




કેડીઓ જ્ઞાતિના જટીલ પ્રશ્નો જેવો કે સંતાનોના છૂટાછેડા, છોકરા છોકરીઓના સગપણ, જ્ઞાતિમાં જન્મદરમાં ઘટાડો જેવા વિકટ મુદ્દાઓ સમગ્ર જ્ઞાતિ પર ઘેરી અસર કરે છે. જેનાથી જ્ઞાતિની પ્રગતિ અને વિકાસ રૂંધાય છે. આ પ્રશ્નો વિષે જ્ઞાતિજનો વિશદપણે ચર્ચા વિચારણા કરે એ હેતુસર શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના દીર્ઘદ્રષ્ટિ ધરાવતા સારથીઓ એ હાકલ કરી છે.

જેના પ્રતિસાદ રૂપે અમદાવાદ ખાતે તા.૨૦ એપ્રિલના શ્રી પશ્ચિમ એકમ અને શ્રી કચ્છ એકમના સંયુક્ત આયોજનથી જ્ઞાતિ ચિંતન શિબિર-૧નું આયોજન સફળ રીતે થયું હતું. આ કડીને આગળ વધારતાં શ્રી ક.દ.ઓ.દક્ષિણ ભારત એકમ દ્વારા જ્ઞાતિ પ્રશ્નોનું નિરાકરણ માટેનું મંચ એટલે કે જ્ઞાતિ ચિંતન શિબિર-૨નું આયોજન તા.૧૮મે રવિવારના શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બેંગ્લોરના આંગણે બપોરે ૨.30 કલાકે શ્રી કચ્છી ભવન, ૪૪ બી, મેઈન રોડ, જે.પી.નગર ફેઝ-૩, મીની ફોરેસ્ટ સામે બેંગલોર-કર્ણાટક મધ્યે કરાયું છે.

વધુ માહિતી માટે સતીષ દેવજી શાહ-૯૮૪૫૦૪૯૦૦૦ તથા મિતેષ લોડાયા-૯૮૪૫૪૦૮૧૪૭નો સંપર્ક કરવો.

# શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ગાંધીધામ દ્વારા તૃત્તીય સ્વમાન લગ્ન યોજાયું







વૈશાખ સુદ બીજ મંગળવાર વિક્રમ સવંત ૨૦૮૧ મંગળવાર, તા.૨૯/૦૪/૨૦૨૫ના શુભ દિને, ગાંધીધામ નગરે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ગાંધીધામના નેજા હેઠળ ભવ્યાતિ ભવ્ય તૃતીય સ્વમાન લગ્નોત્સવનો આયોજન કેડીઓ ભવનના પ્રાંગણને કરવામાં આવેલ.



જેમાં શ્રીમતી મીનાબેન દિલીપભાઈ રાયચંદ મોમાયા સાયરા-આદીપુરના સુપ્રુત્ર ચિ.જય અને ચી.મોનીકા તે ગ.સ્વ.સોનલબેન જયેશ લક્ષ્મીચંદ ગોસર, ગોએરસમા, હાલે વિકરાબાદ વાળાની સુપુત્રી સાથે ધામધૂમથી ઉજવવા માં આવ્યું.

મહોત્સવની શુભ શરૂઆત કન્યાપક્ષના સ્વાગતથી કરવામાં આવી. કન્યાપક્ષે જાનનો સત્કાર કળશથી કર્યો. લીલા તોરણે વરવધૂ એ વરમાળા પરસ્પર આરોપણ કરી, સાસુમા એ વરરાજાને પોખી જાનને આવકારી. સર્વે જાનૈયા-માનૈયાનો સ્વાગત ઠંડા-પીણાં અને ગરમાગરમ નાસ્તાથી કરવામાં આવ્યું.

બરોબર ૧૧.૩૯ ના શુભ મુહર્તે હસ્ત મેળાપ વિધ્વાન મારાજ શ્રી મયુરભાઈ વ્યાસે કરાવીલગ્ન વિધિ સંપન્ન કરાવેલ.

આ દરમ્યાન મધુર લગ્ન ગીતોની સૂરાવલી શ્રીમતી નીતાબેન ખુશાલ દંડ, શ્રીમતી જલ્પાબેન ગીતેન ધરમશી, શ્રીમતી મનીષાબેન લહેરચંદ લાપશીયા અને શ્રીમતી અંજલબેન મયુર ધરમશીએ રેલાવી.

ઢોલ અને અન્ય વાદ્યો પર ક્રીશ દિપેશ મૈશેરી એન્ડ પાર્ટી જમાવટ કરી હતી. સુમધુર ભોજનની વ્યવસ્થા પ્રતિક કેટરર્સના શ્રી પ્રતિકભાઈ શિયાળે સાંભળી હતી. ફોટોગ્રાફી શ્રી ઋષભભાઈ નાગડા દ્વારા કરવા આવી હતી.



મહાજન દ્વારા નવદંપતિને લગ્ન પ્રસંગે પ્રતિક ભેટ આપી શુભેચ્છા વ્યકત કરવામાં આવી. લગ્ન ગીતો માટે માનદ સેવા આપનાર બહેનોને મહાજન દ્વારા સન્માનવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન અને સ્વાગત પ્રવચન કેતન લોડાયા એ કર્યું હતું મહાજન પ્રમુખ શ્રી લહેરચંદ ખોના એ નવદંપિતને આર્શીવચન આપ્યા હતા સમગ્ર મહોત્સવની વ્યવસ્થા કેતનભાઈ લોડાયા અને અનિલભાઈ નાગડા સાથે મહેશભાઈ લાલકા, ગીતેનભાઈ ધરમશી, વસ્તુપાલ નાગડા,જેશલભાઈ જૈન, રાજેશભાઈ મૈશેરી, મિતેશભાઈ મોતા, અનિશભાઈ લોડાયા વગેરેએ સંભાળેલ.

આ લગ્ન મહોત્સવ ની વિશેષતા એ છે કે આ દોડ ભાગના વ્યસ્ત સમયમાં વર-વધુ બંને પક્ષે વાડી, મંડપ, મહારાજ, ગીત-સંગીત, ૨૫૦ જણાનું જમણવાર, એટલીજ મંડપમાં બેઠક વ્યવસ્થા અન્ય આનુસંગિક વ્યવસ્થાઓ મહાજન સાંભળે છે.

ગાંધીધામ મહાજન સ્વમાન લગ્નમાં શક્ય કેડીઓ સમાજને પ્રાધાન્ય આપી અને B2B મળી રહે તેવા પ્રયાસ કરે છે.

સૌથી વિશેષતા એ છે કે લગ્ન તારીખ તમારી ઈચ્છા મુજબની હોયે છે. જેના માટે તમને મહાજનને જાણ કરવાની હોય છે. આ સમગ્ર મહોત્સવ રૂપિયા પંચોતેર-પંચોતેર હજાર બંને પક્ષે આપવાનાં રહે છે અને સમગ્ર જવાબદારી મહાજન સાંભળે છે.

સર્વેજન્ય હિતાયે સર્વે જન્યે સુખાયે. જય જ્ઞાતીમૈયા.

# શ્રી સુજાપુર નગરે અખાત્રીજ દિને શ્રી શાંતિ ધારા અભિષેક ધર્મઆરાધના કરાઈ










કચ્છ અબડાસાના સુજાપુર નગરે તા.૩૦ એપ્રિલ બુધવાર રોજે સવારે ૧૧ કલાકે અખાત્રીજના પવિત્ર અને મંગલ દિને શ્રી શાંતિ ધારા અભિષેક બહેનોએ ભણાવેલ. સંગીતકાર સહિત તેરા ગામથી મહેમાનો સંગાથે હર્ષ ઉલ્હાસભેર ધર્મ આરાધનાઓ થઈ. શ્રી સુજાપુર સંઘને ૨૩ ભાગ્યશાળી ભાવિક ભક્તોને સાધર્મિક ભક્તિ કરાવાનો લાભ મળ્યો. આયોજક શ્રી ગુણોદય ગુરૂભક્તિ અચલગચ્છ અભિષેક સમિતિની શ્રી કચ્છ સુજાપુર અજિનાથ જૈન દેરાસર ટ્રસ્ટ વતી ખૂબ ખૂબ અનુમોદના કરાઈ.

# મહારાજ સાહેબોના સંયમ જીવન પ્રવેશ વર્ષ ખુશીમાં વારાપધ્ધર ગામ વથાણમાં નીલી મકાઈનું નિરણ કરાયું

તા.૨મે શુક્રવારના વૈશાખ સુદ પાંચમ તિથિ દિને શ્રી શાંતિજિન જૈન જાગૃત ગ્રુપ મુંબઈ તથા શ્રી વચ્છરાજ દાદા પરિવાર તરફથી પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.ના સંયમ જીવનના ૩૦ વર્ષ પ્રવેશ પ્રસંગે અને પ.પૂ.સાધ્વીશ્રી કૃતાર્થ ગુણાશ્રીજી મ.સા.ના સંયમ જીવનના ૧૯મા વર્ષ પ્રવેશ નિમિત્તે વારાપધ્ધર ગામના વથાણમાં ૫૦ મણ નીલી મકાઈનું નીરણ કરાયું. આ ઉત્તમ જીવદયા કાર્ય કરનાર શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ તથા શ્રી વચ્છરાજ દાદા પરિવારની ખૂબ ખૂબ અનુમોદના.



# વર્ષીતપના નવકારશી પારણાનો ભાંડુપ નગરે શુભારંભ થયો

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિની ધાર્મિક સમિતિ તેના પંચવર્ષીય કાર્યકાળ દરમ્યાન અનેક ધાર્મિક કાર્યોનું સફળતાપૂર્વક આયોજન કરે છે. જ્ઞાતિમાં ધાર્મિક સંસ્કૃતિ જળવાઈ રહે એ દ્રઢ ઉદ્દેશ આ સમિતિનો રહ્યો છે. મુંબઈ જ્ઞાતિ મહાજનના પ્રમુખ નયનભાઈ ભેદાના માર્ગદર્શન સાથે ધાર્મિક સમિતિના કન્વીનર મનોજભાઈ દામજી લોડાયા અને મુંબઈ મહાજનની સંપૂર્ણ ટીમ તેમના પૂરતા પ્રયાસ કરે છે કે આપણી જ્ઞાતિમાં ધર્મ પ્રવૃત્તિઓ જળવાઈ રહે જેથી કરીને આપણી સંસ્કૃતિની ધરોહર પણ જળવાઈ રહે.

આ ઉદ્દેશ સાથે જ આ વખતે ઈતિહાસમાં કદી ન થયું હોય તેવા એક ઈતિહાસનું સર્જન કરવાનો પ્રયાસ શ્રી કચ્છી દશા ઓસવાળ ભાંડુપ નગરે કર્યો છે. શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથ ટ્રસ્ટ્ર મુંબઈ, શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ અને લાભાર્થી પરિવારોના સથવારે શાસન કાર્યોને દીપાવનાર શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપમાં વર્ષીતપનો જય જયકાર સાથે નવકારશી પારણાનો તા.૧ મે ગુરૂવારથી શુભ પ્રારંભ થયો.

# પ.પૂ.સાધ્વીશ્રી હીરગુણાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૧૧મા વર્ષમાં પ્રવેશ કર્યો



સાંધવ ગામના માતુશ્રી મીનાબેન મણિલાલ પદમશી ખોનાની ધર્મ સંસ્કારી પુત્રી વિક્રમ સંવત ૨૦૭૧ની વૈશાખ સુદ ૬ તિથિ દિને તા.૨૪ એપ્રિલ ૨૦૧૫ ભાંડુપ નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી હીરગુણાશ્રીજી મ.સા. સ્વીકારી સંયમ જીવન પથે પ્રવાસનો પ્રારંભ કર્યો.

ધર્મ, ભક્તિ, તપ, ત્યાગ, આરાધના કરતાં કરતાં આજે વિક્રમ સંવત ૨૦૮૧ના વૈશાખ સુદ છઠ તિથિદિને સાહેબજી સંયમ જીવનના દસ વર્ષ પૂર્ણ કરી શુકનવંતા ૧૧મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે ગુરૂભક્તોની શુભકામના અને ભાવના છે કે પૂજ્ય સાહેબ ધર્મભક્તિ આરાધના, તપ અને ત્યાગ પથને ઉજળો કરતાં કરતાં રજત, સુવર્ણ હીરક અને અમૃત વર્ષથી પણ ઉચ્ચતમ શતક શિખરે બિરાજમાન થાય. શત શત વંદન પૂજ્ય સાહેબને.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી કે.ડી.ઓ.જૈન સ્કૂલ ગદગના વિદ્યાર્થીઓનું SSLC પરીક્ષામાં સો ટકા રીઝલ્ટ




શ્રી કે.ડી.ઓ.જૈન સ્કૂલ ગદગના હોંશિયાર વિદ્યાર્થીઓએ કર્ણાટક બોર્ડની SSLC સેકેન્ડરી સ્કૂલ લિવીંગ સર્ટિફિકેટ એટલે કે ૧૦મા ધોરણની પરીક્ષામાં આ વર્ષે ૧૦૦ ટકા જેટલું ઝળહળતું રીઝલ્ટ આપી સ્કૂલનું નામ ઉજ્જવળ કર્યું છે અને શિક્ષણ ક્ષેત્રે કેડીઓ જૈન સ્કૂલને સિધ્દિની ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે.

વિષય વર્ગીકૃત રીઝલ્ટ મુજબ કન્નડ ભાષામાં ૧૨, હિન્દીમાં ૮, સાયન્સમાં ૧ અને સોશિયલ સાયન્સમાં ૨ વિદ્યાર્થી ઓએ ૧૦૦ ટકા માર્ક મેળવ્યા છે. જ્યારે ૨૯ વિદ્યાર્થીઓએ ડિસ્ટેકશન, ૪૫ વિદ્યાર્થીઓએ ફર્સ્ટ ક્લાસ અને ૭ સ્ટુડન્ડસએ સેકન્ડ ક્લાસ ગ્રેડ પ્રાપ્ત કર્યા છે.

શ્રી ક.દ.ઓ.જૈન એજ્યુકેશન સોસાયટી સંચાલિત ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ગદગના પ્રેસિડન્ટ ડૉ.પ્રદીપ એસ.ખોના સહિત સર્વે પદાધિકારીઓ, મેનેજમેન્ટ મેમ્બર, પ્રિન્સિપાલ અને સર્વે શિક્ષકગણ અને સર્વે વિદ્યાર્થીઓને આ ગૌરવપૂર્ણ પરિણમ મેળવવા માટે અભિનંદન સાથો સાથ પ્રગતિ અવિરત રહે એજ શુભકામના.

---

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, શ્રી અનંતનાથ ટ્રસ્ટ અને શેઠશ્રી નરશીનાથા મેડિકલ ટ્રસ્ટના સંયુક્ત આયોજનથી શરીરના સાંધા માટેનો કેમ્પ

તા.૧૭ મે શનિવારના બપોરે ૨ થી ૫ કલાક દરમ્યાન અનંત નિવાસ બાળમંદિર હૉલ, પ્રથમ માળે, નરશી નાથા સ્ટ્રીટ, મસ્જિદ બંદર, મુંબઈ-૯ સ્થળે ડૉ. સોનલ મોતા અને ડૉ. ઓમકાર મોતાના સહયોગથી શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, શ્રી અનંતનાથ ટ્રસ્ટ તથા શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટના સંયુક્ત આયોજનથી શરીરના દરેક સાંધાના પ્રશ્નો માટે કેમ્પનું આયોજન કરાયું છે.

સદર કેમ્પમાં અદ્યતન અને સંશોધન આધારિત થેરાપી જે ખાસ કરીને ઓસ્ટિયોઆર્થ્રાઈટિસ, લિગામેન્ટનું ફાટી જવું, ડાયાબિટિક આર્થ્રાઈટિસ, સર્વાઈકલ સ્પોન્ડિલાઈટિસ, હીલપેઈન, સ્લિપડિસ્ક, માઈગ્રેન, સાઈટિકીયા, ફ્રોઝન શોલ્ડર, મસલ્સ ફાટી જવા વિગેરેના ઈલાજ બિન દવાઈ અને બિન સર્જરીથી સારવાર જે ખાસ કરીને ઉપરોક્ત રોગો માટે અસરકારક છે. કેમ્પમાં શીખી શકાશે કે કેવી રીતે બિન સર્જરી પધ્ધતિથી સાંધાની સમસ્યાઓ માટે સ્વ ઉપચાર કરી શકાય છે.

જે કોઈપણ ઉપર જણાવેલ સમસ્યાથી પીડાઈ રહ્યા હો તો જરૂરથી નોંધણી કરાવી કેમ્પનો અવશ્ય લાભ લો. મર્યાદિત દર્દીઓ માટે જગ્યા ઉપલબ્ધ છે. નોંધણી ફી માત્ર રૂા.૧૦૦. પરિવારના કે તમારા નજીકના અને સ્નેહી સ્વજનો ખાસ કરી વરિષ્ઠને આ કેમ્પ વિષે માહિતી આપો જેથી તેઓ લાભ લઈ શકે.

રજિસ્ટ્રેશન માટે ક્યુઆર કોડનો ઉપયોગ કરી રૂા.૧૦૦ ભરી શકો છો અથવા રોકડા રૂા.૧૦૦ મસ્જિદ બંદર, ઘાટકોપર, ભાંડુપના આપણા જિનાલયમાં મહેતાજી પાસે ભરી શકો છો અને તેની જાણ યોગેશભાઈને ૮૮૭૯૩૨૪૦૦૫ થવા ૯૮૯૨૭૪૧૪૧૪ને કરશો.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી મે-જૂન માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા.૦૪ થી ૦૬ મે ૨૦૨૫ | સુથરી મા દાદા ભલારા મુળ સ્થાન : ધ્વજારોહણ મહોત્સવ |
| તા.૦૬ મે ૨૦૨૫ | શ્રી ભલારા દાદા (પીર ફળિયા) ની ધ્વજા |
| તા.૦૬ થી ૦૮ મે ૨૦૨૫ | શ્રી ક દ ઓ જૈન સંઘ કાન્જુર માર્ગ, મુંબઈ : શ્રી વિમલનાથ જિનાલય: ધ્વજારોહણ ત્રિહાનિકા મહોત્સવ |
| તા.૦૭/૦૮ મે ૨૦૨૫ | શ્રી આદિનાથ જિનાલય, મંજલ રેલડીયા તીર્થ: ૧૪૨ મો ધ્વજારોહણ મહોત્સવ: |
| તા.૦૭ મે ૨૦૨૫ | બપોરના ૧૮ અભિષેક , રાત્રે ભક્તિ ભાવના |
| તા.૦૮ મે ૨૦૨૫ | સવારના સત્તર ભેદી પૂજા - ધ્વજા ના લાભાર્થી: માતૃશ્રી જયાબાઈ ચત્રભુજ દંડ હસ્તે સૌ. નિલમ અનિલ દંડ, (મંજલ રેલડીયા-ભાંડુપ. મુંબઈ) |
| તા.૦૭ થી ૦૯ મે ૨૦૨૫ | પરજાઉ તીર્થ ના મૂળનાયક શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલય-૧૭૧ મો તથા શ્રી શિતલનાથ દેવકુલિકા - ૮ મો ધ્વજા મહોત્સવ : |
| તા.૦૭ મે ૨૫ | સવાર ના અઢાર અભિષેક, બપોરે સ્નેહમિલન, રાત્રે ભાવના |
| તા.૦૮ મે ૨૫ | સવારે સત્તરભેદી પૂજા, મુખ્ય જિનાલય ધ્વજા, રાત્રે ભાવના |
| તા.૦૯ મે ૨૫ | સવારે સત્તારભેદી પૂજા, દેવકુલિકા ધ્વજા, રાત્રે ભાવના |
| તા.૦૭ થી ૧૧ મે ૨૦૨૫ | શ્રી શત્રુંજય એકેડમી આયોજિત ૧૫ થી 30 વર્ષ ની બહેનો માટે શ્રી મુક્તિ જય ગુણ સંસ્કાર શિબિર: શ્રી વિમલનાથ નવગ્રહ ધ્યાનાલય, દેવલાલી |
| તા.૧૭ મે ૨૦૨૫ | નલિયા મા શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવનનુ નુતનિકરણ : ૧૫ રૂમો ની નવી વિન્ગ, ઉપહાર ગૃહ તથા બન્ને વિન્ગ ને જોડતી લિફ્ટ નું ભુમી પુજન |
| તા.૨૪ મે ૨૦૨૫ | કચ્છની મોટી પંચતીર્થી ના પ્રવેશદ્વાર શ્રી સાંધાણ તીર્થે - શ્રી શાંતિનાથ પ્રભુના જન્મ અને મોક્ષ કલ્યાણકની ઉજવણી |
| તા.૨૫ મે ૨૦૨૫ | કચ્છની મોટી પંચતીર્થી ના પ્રવેશદ્વાર શ્રી સાંધાણ તીર્થે-શ્રી શાંતિનાથ પ્રભુના દિક્ષા કલ્યાણકની ઉજવણી |
| તા.૦૧ જૂન ૨૦૨૫ | શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા મુંબઈ મહાજન પ્રેરિત અનંત માર્ગ દર્શન દ્વારા ધો. ૧૦ -૧૨ ના વિદ્યાર્થીઓ માટે કેરીયર પ્લાનીંગ સેમીનાર: સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ :મુંબઇ : રજીસ્ટ્રેશન: ૮૧૬૯૨૪૪૯૭૫ |




● પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમ તટે ૪૫ દિવસનો મહાકુંભ યોજાયો. જેમાં સેક્ટર નં.૬માં કચ્છના સંતનો અખાડો કેમ્પ રહ્યો. જેનો કચ્છી નાગબાવા મહંત ચતુરા નંદગિરિજી મહારાજ ટાટમબરી એટલે કે શણ-કંતાનનો પહેરવેશ ધારી, કરપાત્રીજી દિવસમાં એકવાર બે હાથમાં જેટલું ભોજન સમાય તેટલું ભોજન ગ્રહણ કરનારા મહારાજા ધૂણો લગાવી તપશ્ચર્યા કરી અને તેમના ભક્તોને નિવાસ અને અન્નભોજન સેવા આપી. મહંત ચતુરાનંદગિરિજી પૂર્વાશ્રમના કચ્છી રાજગોર સમાજના કચ્છના ભિટારાના માકાણી પરિવારના છે તેઓ ૧૩ વર્ષની નાની ઉંમરે સંસાર ત્યાગ કરી સાધુ બન્યા અને પંચ દશનામ જૂના અખાડામાં રહીને વર્ષો સુધી તમામ વિધિઓ શીખી નિયમોનું પાલન કરી નાગાબાવા બન્યા. મુંબઈ પાસે બદલાપુરના શીરવાડીની આપ્ટેવાડીમાં તેમનો કચ્છી આશ્રમ અને મધ્ય પ્રદેશમાં નર્મદા કિનારે તેમના આશ્રમ છે. એમના ભક્તો દ્વારા દર વર્ષે મુંબઈમાં ગુરૂપૂર્ણિમા ઉત્સવ અને કચ્છ નવાવાસમાં પ્રાગટ્ય દિવસ ઉજવાય છે.

● ભુજ તાલુકાના નાગોર ગામે વર્ષ ૨૦૦૪ થી શરૂ કરાયેલી રશીમીડ શાળા લંડન સ્થિત દાતાઓના સહયોગથી ચાલે છે. જેમાં ધોરણ નવ અને ૧૦ ના ગુજરાતી માધ્યમમાં ૪૨ છાત્રને પાંચ શિક્ષકની ટીમ ઉચ્ચ પધ્ધતિથી શિક્ષણ આપે છે. બીબીસી ન્યૂઝ ચેનલના પત્રકાર ભાસ્કર સોલંકી મૂળ બોણંદ વલસાડ હાલે લંડનના તેઓ ભૂકંપ વખતે કચ્છમાં કવરેજ માટે આવ્યા હતા. તેઓ ત્રણ પેઢીથી લંડન ખાતે રહે છે. કચ્છના ગ્રામીણ વિસ્તારના બાળકો માટે કંઈક કરવાની ઈચ્છા થઈ. લંડન સ્થિત દાતાઓ સમક્ષ રજૂઆત કરી અને રશીમીડ ફાઉન્ડેશન નામથી રજિસ્ટ્રેશન કરી ફંડ જમા કરી આ શાળા બનાવી. ૭૦ ટકા યુ કે સ્થિત દાતાઓ તથા ૩૦ ટકા ફંડ વિદ્યાર્થીઓના વાલીઓથી શાળાનું સંચાલન કરાય છે. શિક્ષકનો પગાર અને શાળા નિભાવ પ્રતિમાસ ૧ લાખ ખર્ચ થાય છે. નાગોર ઉપરાંત આજુબાજુના સરસપર, ત્રંબૌ, રાયધણપર, ત્રાયા સહિતના ગામડાઓથી અભ્યાસાર્થે આવે છે. શાળામાં શરૂઆતથી જ કોઈમ્પ્યુટર લેબની સુવિધા સરાહનીય છે.

● કેન્દ્ર સરકાર દ્વારા દીનદયાલ પોર્ટને ગ્રીન હાઈડ્રોજન હબ બનાવવાની દિશામાં કાર્યવાહી આગળ વધી રહી છે. ત્યારે પોર્ટના વિકાસ માટે એક મહત્વપૂર્ણ પ્રકલ્પ વધારવાની દિશામાં ડગ માંડતા ૫૭ હજાર કરોડના શિપ બિલ્ડિંગ પ્રોજેક્ટ અને મેગા ટર્મિનલ નિર્માણના પ્રોજેક્ટની જાહેરાત થઈ છે જે માટે બે હજાર એકર જમીન ફાળવવામાં આવી છે. એક એકરના ભાવ અંદાજિત રૂ.૨૭૫૧૦ રાખવામાં આવ્યા છે. તાજેતરમાં કેન્દ્ર સરકારના અંદાજપત્રકમાં શિપ બિલ્ડિંગ ક્ષેત્રના વિકાસ માટે ૨૪ હજાર કરોડની જંગી રકમની જોગવાઈ કરવામાં આવી છે.

● મધ્ય પ્રદેશના ભોપાલ ખાતે રાષ્ટ્રીય કક્ષાના પાંચ દિવસીય બહુભાષી સેમિનારમાં કચ્છના બે શિક્ષકો મુકેશભાઈ સચદે અને એ.બી.ગઢવીએ કચ્છનું પ્રતિનિધિત્વ કર્યું હતું. પાંચ દિવસની શિબિરમાં જુદા જુદા તજજ્ઞો દ્વારા સ્થાનિક ભાષા સાથે રાખીને પાયાનું શિક્ષણ કેવી રીતે આપવું તેની ઉદાહરણ સહ વિશિષ્ટ રીતે સમજ અને તાલીમ આપવામાં આવી હતી.


● વ્યવસાયથી તબીબ ભુજના અને સાસરા પક્ષે મુંદરા સ્થિત હોમિયોપેથી ડૉ. રીન્કુ ગુરૂદત ઠક્કરે વિશિષ્ટ સિધ્ધિ નોંધાવતા શિવમહિમ્ન સ્તોત્રના સંપૂર્ણ ૪૩ શ્લોકને સાત મિનિટ અને ૧૮ સેંકડમાં પઠન કરીને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસમાં નામ નોંધાવ્યું છે. ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસ ૨૦૨૫ એ ભારતના લોકોની વિશિષ્ટ સિધ્ધિઓને સમાવતી અને સન્માન આપતી ૨૦૦૬થી પબ્લિશિંગ કરતી સંસ્થા છે.

# પ.પૂ.અચલગચ્છાપતિ ઘૂંટણના ઓપરેશન બાદ ફિજીયોથેરોપી અને નેચરોપથી ઉપચાર માટે બિદડામાં સ્થાયી છે

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના બંન્ને ઘૂંટણના સફળ ઓપરેશન થયા પછી તેમની તબિયત સારી છે અને રોજે રોજ ફિજીયોથેરોપી અને નેચરોપેથી કુદરતી ઉપચાર રતનવીર કુદરતી ઉપચાર કેન્દ્ર બિદડામાં ચાલુ છે અને સાહેબજી શાતામાં છે. હાલમાં બે દિવસ સાહેબજી ૭૨ જિનાલયમાં બિરાજમાન છે. સોમવાર તા.૫ મેના બિદડાના રતનવીર કુદરતી ઉપચાર કેન્દ્રમાં ફરી દાખલ થશે.



# ભાવભીની શ્રદ્ધાંજલિ



**મહેન્દ્રભાઈ ધરમશી**
તા.૨૮ એપ્રિલ (ઉ.૮૬)
કોઠારા-ઈન્દોર




**રમીલાબેન છેડા**
તા.૨૯ એપ્રિલ (ઉ.૭૯)
જસાપર-અમદાવાદ



**કેવલભાઈ લોડાયા**
તા.૨૯ એપ્રિલ (ઉ.૩૧)
સાયરા-ડોંબિવલી



**ખમાવંતીબેન લોડાયા**
તા.૩૦ એપ્રિલ (ઉ.૭૮)
મોટી ખાવડી-હૈદ્રાબાદ



**ઠાકરશીભાઈ મૈશેરી**
તા.૨ મે (ઉ.૭૪)
જખૌ-માનકુવા



**કાંતિલાલભાઈ નાગડા**
તા.૩ મે (ઉ.૮૫)
ગોરખડી-ડોંબિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Watch your savings grow, effortlessly.

FIXED DEPOSIT
720 Days
RATE OF INTEREST

*7.85% per annum
For General Public

*8.35% per annum
For Senior Citizens

STAMP FRANKING
Now Available

*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com
@ Arihant Bank